# રણપ્રદેશની પેલે પાર

## *ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત*

મુસાફરોનો એક કાફલો, પર્શિયાના રણપ્રદેશમાં ક્યાંક હતો. તેમની ચારેબાજુ રેતીનો સમુદ્ર હતો, એ રેતીમાં અર્ધસ્થાયી મોજાંઓનો આકાર હતો. આ મોજાંઓ સંધ્યાકાળના આકાશમાં એકબીજાને પકડી રહ્યાં હોય તેમ દૂર દૂર સુધી વહી રહ્યાં હતાં.

આ કાફલાનો આગેવાન એક વેપારી હતો, જે રેશમ અને ઉમદા ગાલીચાનો વેપાર કરતો હતો. તેણે તેના વેચવાના સામાનને ખૂબ જ સારી રીતે ગાડીઓમાં ભરી દીધો હતો; ઊંટોની પીઠ પર બાંધી દીધો હતો; અને તેને ત્યાં વેપાર શીખવા આવેલા કેટલાંક માણસોને લઈને, તેણે દૂર આવેલાં એવા બજાર તરફ મુસાફરી કરવાનું નક્કી કર્યું હતું, જ્યાં તેને વધારે નફો મળી શકે. દિવસ દરમ્યાન તેઓ સૂર્યના અસહ્ય તાપથી બચવા માટે પડાવ નાખીને આરામ કરતા. રાત્રે તેઓ તારાઓને અનુસરીને મુસાફરી કરતા.

હવે તેઓ તેમની યાત્રાના અંતિમ તબક્કામાં હતા. યાત્રા આરંભ કરતા પહેલા તેમણે એક માર્ગદર્શકને નોકરી પર રાખ્યો હતો. તેણે તેમને ખાતરી આપી હતી કે તેઓ સવાર સુધીમાં બજાર પહોંચી જશે. કાફલામાં સૌથી આગળ રહેલા માર્ગદર્શકે તેમને કહ્યું હતું, ‘‘બસ, મારી પાછળ-પાછળ આવતા રહો અને તમને ખબર પડે એ પહેલાં તો આપણે ત્યાં પહોંચી જઈશું.’’

ધીરેધીરે તેમની ચારેબાજુ અંધારું છવાઈ રહ્યું હતું, આછા ભૂરા-જાંબલી રંગનું આકાશ ઘેરા વાદળી રંગમાં પરિવર્તિત થઈ રહ્યું હતું. માર્ગદર્શકે તેની દૃષ્ટિ ઉપર તરફ સ્થિર કરી. તેને લાગ્યું કે અહીં આ રણપ્રદેશમાં તે બધાં જ તારાઓને જોઈ શકે છે. તે ગ્રહો અને આકાશગંગાઓ પણ જોઈ શકે છે, જાણેકે બ્રહ્માંડનું ઝગમગતું વમળ ક્ષિતિજમાંથી લહેરાઈને નીકળી રહ્યું હોય.

*વાહ,* તેણે તૃપ્ત થઈને ઊંડો શ્વાસ લીધો. *આ તો સપના જેવું લાગે છે!* ગાડી આગળપાછળ ઝૂમી રહી હતી. મંદમંદ પવન વહી રહ્યો હતો; જે તેના ચહેરાને શીતળતા આપી રહ્યો હતો. તેણે વિચાર્યું, *કદાચ, મારે મારી આંખોને થોડી ક્ષણો માટે આરામ આપવો જોઈએ. . .*

તેણે તો બસ હમણાં જ આખો બંધ કરી હતી — અથવા તેને એવું લાગ્યું હતું — ત્યારે અચાનક કોઈએ તેને હલાવ્યો.

‘‘મહાશય! મહાશય! જાગો! સવાર થઈ ચૂકી છે.’’

*‘‘હમ્.... ? શું?’’* માર્ગદર્શકે મૂંઝાઈને પૂછ્યું.

તે બેઠો થઈ ગયો અને ત્રાંસી આંખોથી જોવા લાગ્યો; સૂર્યનો પ્રકાશ આંખોને આંજી રહ્યો હતો. તેણે માથું ફેરવ્યું, તે હજી ઊંઘમાં જ હતો, તેણે જોયું કે તે વેપારી તેની નજીક ઊભો હતો. તે ચિંતાતુર થઈને માર્ગદર્શક સામે જોઈ રહ્યો હતો.

એ વેપારીએ પૂછ્યું, ‘‘મહાશય, બજાર ક્યાં છે? અને આપણે ક્યાં છીએ?’’

માર્ગદર્શકે ચમકીને ચારેબાજુ જોયું. ડાબી બાજુ રેતી હતી. જમણી બાજુ રેતી હતી. આગળ, પાછળ અને બધી બાજુ રેતી જ રેતી હતી.

તે વેપારી તરફ પાછો ફર્યો, તેનું મોઢું અચંબાથી ખુલ્લું હતું.

તેણે ધીરેથી કહ્યું, ‘‘હું બહુ દિલગીર છું, મને...મને નથી ખબર. જ્યાંસુધી તારાઓ ફરી ન દેખાય ત્યાંસુધી હું કંઈ નહીં કહી શકું.’’

ત્યાંસુધીમાં કાફલાના બાકીનાં લોકો પણ ત્યાં એકત્રિત થઈ ગયા. જ્યારે તેમણે માર્ગદર્શકના આ શબ્દો સાંભળ્યાં, તો બધાં ભયથી સ્તબ્ધ થઈ ગયા.

‘‘હવે આપણે શું કરીશું?’’ એક માણસે કહ્યું, તેનો અવાજ દુઃખથી ભરેલો હતો.

‘‘આવું કેવી રીતે થઈ શકે?’’ બીજાએ કહ્યું, તેના અવાજમાં ગુસ્સો વધી રહ્યો હતો.

જ્યારે તેઓ આ રીતે બોલી રહ્યા હતા, ત્યારે તે વેપારી ત્યાં બાજુમાં શાંતિથી ઊભો હતો. તે તેના ગુસ્સાને રોકી રહ્યો હતો. અલબત્ત, તે પણ નિરાશ થઈ ગયો હતો. ખરેખર, તે પણ ચિંતિત, વ્યાકુળ અને ક્રોધિત હતો.

તેમછતાં, મોટેભાગે તે *વિચારી* જ રહ્યો હતો. તેમની ગણતરી પ્રમાણે તે દિવસે તેઓ ગંતવ્ય સ્થાન પર પહોંચી જવાના હતા અને તેમની પાસે પાણી તો લગભગ પૂરું થઈ ગયું હતું. તેણે સમસ્યાનો કોઈ ઉકેલ લાવવો જરૂરી હતો અને તે પણ ઝડપથી.

તે વેપારીએ તેની ચારેબાજુ આવેલી નારંગી-પીળા રંગની રેતીના વિસ્તારનું નિરીક્ષણ કર્યું. ત્યાં મોટા પથ્થરો અહીં-તહીં પથરાયેલાં હતાં. દૂર તેણે લીલાશ પડતા રંગનો એક નાનો છોડ જોયો.

અચાનક, તેને સમસ્યાનો ઉકેલ મળી ગયો.

‘‘અરે — અરે, તમે બધાં સાંભળો!’’ તેણે કહ્યું. બીજા બધાંએ ફરિયાદ કરવાનું બંધ કરી દીધું.

એ વેપારીએ કહ્યું, ‘‘આવો, મારી પાછળ જલ્દીથી આવો! અને આપણે સામાનમાં જે પાવડા લીધા છે તે લઈ આવો.’’

તે વેપારીએ કહ્યું તે પ્રમાણે તેમણે કર્યું અને રેતીમાં તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. થોડી જ વારમાં તેઓ એ જગ્યાએ પહોંચી ગયા જ્યાં તે છોડ ઊગ્યો હતો.

તે સારો એવો મોટો છોડ હતો, ઘણાં મીટર પહોળો અને તેની એક તરફ, પાંદડાઓની વચ્ચેથી એક નાનું લાલ રંગનું ફૂલ દેખાઈ રહ્યું હતું. તે એક ગુલાબનું ફૂલ હતું.

વેપારીએ ખુશીથી કહ્યું, ''આ જોયું? જો આ ગુલાબનો છોડ અહીં ઊગી શકતો હોય તો એનો અર્થ એ છે કે અહીં નજીકમાં ક્યાંક પાણી છે. હવે, મને એક પાવડો આપો અને તમે પણ એક એક લઈ લો. જ્યાંસુધી પાણી ન મળે ત્યાંસુધી આપણે અહીં ખોદતા રહીશું.''

તેથી તેઓ ખોદતા ગયા, ખોદતા ગયા, વધારે ને વધારે ખોદતા ગયા. ભલે તેમના પાવડાથી તેમણે ગમે તેટલું ઊંડુ ખોદી કાઢ્યું, ગમે તેટલી રેતી બહાર કાઢી પરંતુ તેમને જે દેખાયું તે તો માત્ર વધુ ને વધુ રેતી જ હતી.

આખરે, એક માણસે ખૂબ જ હાંફતા હાંફતા કહ્યું, ''આનો કંઈ ફાયદો નથી. આપણે કેટલા કલાકોથી અહીં ખોદી રહ્યા છીએ પણ પાણી મળ્યું નથી.''

વેપારીએ ખાડો ખોદવાનું રોકીને ઉપર તરફ જોયું. તેણે તેના કપાળ પરનો પરસેવો લૂછ્યો. તેણે દ્રઢતાથી કહ્યું, ''જો અહીં છોડ છે તો પાણી હોવું જ જોઈએ. બસ ખોદતા રહો. તમે જે કરી રહ્યાં છો તે કરતા રહો.''

એ માણસને સંદેહ હતો, તેમ છતાં તેણે તેનું કાર્ય ચાલુ રાખ્યું. અરે આ શું! થોડી ક્ષણો પછી — *ઠક! ઠક! ઠક!* તેના પાવડા સાથે કોઈ કડક વસ્તુ અથડાઈ.

''આ અવાજ શાનો છે?'' એ માણસ આશ્ચર્યથી બોલી ઊઠ્યો. તે રેતી દૂર કરવા લાગ્યો. બીજા બધા ઉપરથી જોવા લાગ્યા અને થોડી જ ક્ષણોમાં એક મોટો પથ્થર દેખાયો.

આ જોઈને, એ માણસ રેતીમાં જ ફસડાઈને બેસી ગયો.

તેણે રડમસ થઈને ફરિયાદ કરતા કહ્યું, ''હવે આપણે શું કરીએ? બધી મહેનત નકામી ગઈ. . .''

વેપારીએ પૂછ્યું, ''તું કહેવા શું માગે છે? આપણે કાર્ય તો ચાલુ જ રાખવાનું છે.''

એ માણસે અવિશ્વાસ સાથે કહ્યું, ''પરંતુ, મોટો પથ્થર!''

વેપારીએ તેને પૂછ્યું, ''માત્ર તેને લીધે આપણે શા માટે અટકવું જોઈએ?''

એ માણસ તો સ્તબ્ધ રહી ગયો. તેણે પૂછ્યું, ''આપણે આ મોટા પથ્થરને કેવી રીતે તોડીશું? આ પાવડાઓ તો કંઈ કામના નથી.''

વેપારીએ કહ્યું, ''આપણી પાસે બીજા સાધનો છે. તમે બધાં જાઓ અને આપણા સામાનમાંથી હથોડા લઈ આવો.''

તેથી તેઓ હથોડા લેવા દોડ્યા. જ્યારે તેઓ પાછા ફર્યા, તો વેપારીએ કહ્યું, ''હવે, તમારી તાકાત લગાડો. તમારી પૂરી શક્તિનો અને તમારા દ્રઢનિશ્ચયનો ઉપયોગ કરો. આ મોટા પથ્થરને તોડી નાખો.''

બધા માણસોએ હથોડાઓને કસીને પકડ્યા અને તેમના માથાની ઉપર સુધી ઊંચા ઊઠાવ્યા. તેમણે એકસાથે મોટા પથ્થર પર હથોડાનો પ્રહાર કર્યો.

કડાડડડડડડડક. કાનના પડદા ફાટી જાય તેવો અવાજ હતો. ફરીથી તેમણે હથોડા તેમના માથાની ઉપર સુધી ઊંચા ઊઠાવ્યા અને પ્રહાર કર્યો. કડાડડડડડડડડક.

અને થોડીવારમાં, એ મોટા પથ્થરમાં વાંકીચૂકી તિરાડો પડવા લાગી. અને તરત જ, ત્યાં પાણી દેખાયું, તિરાડોમાંથી ધીમેધીમે પાણીની નાની-નાની ધાર ફૂટવાં લાગી. વેપારી અને તેના માણસો આનંદિત થઈને હર્ષનાદ કરવા લાગ્યા. તેમનું કાર્ય લગભગ પૂરું થઈ ગયું હતું! તેઓ જોરજોરથી હથોડાનો પ્રહાર કરતા ગયા, આખરે —

એક અંતિમ કુશળ પ્રહાર સાથે — પથ્થર ઉપર હથોડાના મેઘગર્જના સમાન એક નિર્ણાયક પ્રહાર સાથે — એ મોટો પથ્થર તૂટી ગયો. તેના બે ટુકડા થઈ ગયા. *ધીમેધીમે* ઉપર પાણીનો ઝરો ફૂટવા લાગ્યો, આખરે લાંબા સમયથી રોકાયેલાં પાણીનો પ્રવાહ મુક્ત થઈ ગયો.

*હાશ!* આકાશ તરફ ઊંચે ઊડાન ભરી રહેલા પાણીને જોઈને વેપારીએ વિચાર્યું.

હાશ! તેની ઉપર ઊડી રહેલાં પાણીનાં નાનાં-નાનાં ટીપાંઓના ફુવારાને જોઈને તેણે વિચાર્યુ. તે ટીપાં સૂર્યપ્રકાશમાં સ્ફટિક સમાન ચમકી રહ્યાં હતાં.

*આપણી તરસ છિપાઈ જશે,* તેણે વિચાર્યું. *અને હવે — હવે — આપણે રણપ્રદેશની પેલે પાર પહોંચી જઈશું.*

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

આ વાર્તા જાતકકથા એટલે કે ભગવાન બુદ્ધના અનેક અવતાર વિશેની દંતકથાઓ અને પ્રસંગોનો સંગ્રહગ્રંથની વાર્તામાંથી પ્રેરિત છે.